| | | |
|---|---|---|
| वर्ष : २३ | सने : २०२५ | सं.२०८१ |
| अंक : ७, | સળંગ અંક-१३६ | पोष-जनवरी |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૩ સને ૨૦૨૫ સં.૨૦૮૧

અંક : ૭ પોષ-જાન્યુઆરી સળંગ અંક-૧૩૬

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ હિતશિક્ષા

★ શ્રાવક જીવનની સફળતા, સાત પગલામાં....૩

★ વસતીદાન... પુણ્યનો પ્રકાર...૨

★ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પગલે.... વચને...

★ અનુમોદનાનો રસથાળ


## આર્ષવાણી

**स्वमांसं दुर्लभं लोके,**

**लक्षेणापि न लभ्यते ।**

**अल्पमूल्येन लभ्येत,**

**पलं परशरीरजम् ।।**

**બીજાનાં શરીરનું માંસ અલ્પ મૂલ્ય ચૂકવવાથી મળી જાય છે પરંતુ પોતાના શરીરનું માંસ લાખો રૂપિયાથી પણ મળતું નથી ! એટલું દુર્લભ ગણાય છે.**

**એક મોતથી તું ડરે છે પરંતુ તું જે રીતે અનેક જીવોને પીડા આપી રહ્યો છે, હિંસા કરી રહ્યો છે તેનાથી ભવભ્રમણમાં અનંત દુઃખો (મોત)પ્રાપ્ત થશે.**





**કળશમંદિર, અડાસ** **તા.૧૯.૧૧.૨૦૨૪**

**આચાર્ય વિજય ભવ્યદર્શન સૂરિ તરફથી ,**

ધર્માનુરાગિણી સુશ્રાવિકા **હંસાબેન** યોગ્ય ધર્મલાભ.દેવ-ગુરુ પસાયે સુખશાતા છે. ગઈકાલે ઉતાવળમાં હિતશિક્ષા લખી આપી. મને સંતોષ ન થયો તેથી આજે લખીને મોકલું છું. ધ્યાનથી વારંવાર વાંચશો.

ઉપાસ્ય દેવ તરીકે શ્રીવીતરાગ પરમાત્મા, માર્ગનું માર્ગદર્શન આપતા નિર્ગ્રંથ ગુરુભગવંતો, કેવલી ભગવંતે ફરમાવેલો વિશુદ્ધ કોટિનો ધર્મ... મહાન પુણ્યના ઉદયે આ ત્રણે સામગ્રી આપણને મળી. દુનિયાના અનંતાનંત જીવોને એ નથી મળ્યું. વાહ, આપણે કેટલા ભાગ્યશાળી ! એમાં આર્યદેશ-આર્યકુળ-પાંચે ઈન્દ્રિયની પરિપૂર્ણતા, નીરોગી શરીર, દીર્ઘ આયુષ્ય, વિશિષ્ટ ક્ષયોપશમ સાથે ઉપરોક્ત સામગ્રી મળી, કોણ જાણે કેટલા કાળે મળ્યું હશે....

હવે જો આનો સદુપયોગ ન કરી લીધો તો ફરી ક્યારે મળશે, તે કહેવું મુશ્કેલ છે. પ્રબળ ભાગ્યોદયે મળેલી સામગ્રીનો સદુપયોગ ન કરે તે મૂર્ખ જ ગણાય. આપણો નંબર એમાં ન લાગવો જોઈએ.

મોહરાજાના ગુલામ બનેલા જગતમાં આપણો નંબર ન હોવો જોઈએ. મોહરાજાએ આપણને અનેક રીતે નચાવ્યા છે. પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીનાં વિવિધ નેપથ્ય પહેરાવીને નર્તન કરાવ્યું છે. લાજ-શરમ મૂકીને આપણે અનંતકાળ નાચ્યા છીએ. જિનશાસનને પામ્યા પછી તો એમાં બદભાવ આવવો જ જોઈએ. ન આવ્યો તો અનંતકાળે જ્યાંથી નીકળ્યા ત્યાં (નિગોદમાં) પહોંચી જવું પડશે. ત્યાંની સ્વકાય સ્થિતિ (ઉત્કૃષ્ટથી) અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી છે; તે ભૂલવા જેવું નથી. સાવધાન.

કાળ-કર્મ અને કાયાનો ભરોસો કરવા જેવો નથી. બધા જ દગાખોર છે, ઠગ છે. સાવધાની પૂર્વક, મળેલી જ્ઞાન-સમજના આધારે છલાંગ મારી સંયમના પંથનો આશ્રય લઈ ભવની સફળતા માટે પુરુષાર્થ કરવાનો છે. અહીંનો પાંગળો પણ પુરુષાર્થ; સબળ અને સફળ પુરુષાર્થ માટેની ક્ષેત્ર-કાળ આદિ સામગ્રી અપાવશે. તેના માધ્યમથી આત્મકલ્યાણ શીઘ્ર અને સંભવિત થશે.

સંસારની જવાબદારીમાં પોતાના જીવની જવાબદારી ભૂલાવી ન જોઈએ. એ જ વધુ તમારો જવાબ આવ્યા બાદ

**દ.આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ....**

## ★ શ્રાવક જીવનની સફળતા, સાત પગલામાં....3 ★★★

**- શ્રી ધર્મમિત્ર**

શ્રાવક જીવનની સફળતા માટેના ત્રીજા પગલા તરીકે જ્ઞાની ભગવંતે તીર્થોની વંદના અર્થાત્ તીર્થયાત્રાની વાત કરી છે. અલબત્ત, શ્રાવક જીવનને સફળ બનાવવા માટે ઘણાં વ્રતો, અનુષ્ઠાનો, ઉપાયો શાસ્ત્રકારોએ બતાવ્યાં છે. તેમાંથી એક શ્લોકમાં બતાવેલ સાત ઉપાયોની વાત અહીં રજૂ થઈ રહી છે. માનવજીવનની સંપૂર્ણ સફળતા તો મહાવ્રતોના સ્વીકાર અને અણીશુદ્ધ પાલનથી જ થાય. જ્યાં સુધી એ શ્રમણ જીવન ન સ્વીકારી શકાય ત્યાં સુધી એની યત્કિંચિત્ (થોડી) સફળતા હાંસલ કરવા માટે જે પુરુષાર્થ કરવાનો છે, તેની વિગત અહીં અપાય છે.

જૈન શાસ્ત્રોના આધારે 'તીર્થ' શબ્દની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે **'જે તારે તે તીર્થ.'** તારે યાને સંસાર-સાગરથી પાર ઉતારે તે તીર્થ અથવા તીર્થ યાત્રાની વ્યાખ્યા કરીએ તો એમ કહેવાય કે - **ચાર ગતિ- ચોરાશી લાખ યોનિરૂપ સંસારની યાત્રાનો અંત લાવે તે તીર્થયાત્રા.**

જૈન તીર્થો નિર્વેદ અને સંવેગના ભાવોને ઉજાગર કરનારાં છે. ભગવદ્ભક્તિના ભાવોમાં ભરતી લાવનાર છે. શાંતિના દૂત જેવાં છે. મન-વચન-કાયા સાથે આત્માને પવિત્ર બનાવનારાં છે. કૈંક જન્મોનાં પાપોનો નિકાલ કરવામાં સમર્થ છે. વિશિષ્ટ કોટિનાં પુણ્યાનુબંધીપુણ્યનું ઉપાર્જન કરાવવાની ક્ષમતા ધરાવે છે. ભક્તને ભગવાન બનાવનાર છે. સંસારના રાગને નિચોવી નાખનાર છે. જીવોને શાંત-પ્રશાંત બનાવી કષાયોથી દૂર રાખનાર છે. તીર્થોમાં અદ્ભુત સકારાત્મક(પોઝિટીવ્હ) ઊર્જા હોય છે. કેટલાય શ્રીતીર્થંકર ભગવાન કે મહામહિમ વિશિષ્ટ મહાપુરુષોની એ સાધનાભૂમિ હોવાથી ત્યાંના પરમાણુઓમાંય ચૈતન્ય શક્તિ હોય તેવી અનુભૂતિ થાય છે. ગામ-નગરનાં જિનાલયોમાં જે ભાવો નથી આવતા, તે ભાવો-તેવા ગજબ ભાવો ત્યાં ઉત્પન્ન થાય છે. આભ ઊંચા ઊઠતા એ ભાવો આત્માને અનેક પ્રકારની શક્તિ પ્રદાન કરે છે. મુક્તિ સુધી જીવને પહોંચાડવાની ક્ષમતાવાળાં આ તીર્થો સદ્ગતિ તો આપે જ છે. સદ્ગતિ જ મુક્તિની પરંપરાનું સર્જન કરે છે. દુર્ગતિનું વિસર્જન કરે છે.

શાસ્ત્રોમાં નિશ્ચય તીર્થ અને વ્યવહારતીર્થઃ એમ તીર્થોના બે ભેદ પાડ્યા છે. એમાં; રાગ-દ્વેષથી રહિત, દીર્ઘકાળ સુધી સેવેલાં જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો આત્મા એ નિશ્ચયનયથી તીર્થ સ્વરૂપ કહેવાય છે. વ્યવહારનયથી આત્માનો જે પ્રદેશ પાપથી રહિત તીર્થંકરભગવંતનાં ચરણપદોથી સ્પર્શ્યો તે પરમ તીર્થ છે.

સ્થાવરતીર્થ અને જંગમતીર્થ એવાં પણ તીર્થોના બે ભેદ શાસ્ત્રનાં પાનાંઓમાં મળે છે. અહીં **'તીર્થવંદના'** કહેવાથી બંને પ્રકારનાં તીર્થોની વાત આવરી લીધી



હોય; એવું સમજાય છે. સ્થાવરતીર્થોમાં શત્રુંજય-ગીરનાર-સમેતશિખર-આબુ-અષ્ટાપદ વગેરે આવે છે. જંગમતીર્થમાં સાધુ-સાધ્વીજી ભગવંતોનો સમાવેશ થાય છે. સ્થિર રહે તે સ્થાવર અને હરતાં-ફરતાં હોય તે જંગમતીર્થ ગણાય.

જે ભાગ્યશાળી જીવ તીર્થયાત્રા કરે છે તેની બે દુર્ગતિને તાળાં દેવાઈ જાય છે, એ વાત જણાવતાં ગ્રંથકાર કહે છે : જે સદ્બુદ્ધિવાળો આત્મા શત્રુંજય કે ગીરનાર તીર્થની; દાન-બ્રહ્મચર્યનું પાલન-તપ અને દયાધર્મમાં તત્પર થઈને યાત્રા-ઉત્સવ કરે તેને, આ બંને તીર્થના અતિશય-મહિમાથી એવા દુષ્ટ કર્મનો ક્ષય થવાથી નિશ્ચયથી નરક અને તિર્યંચગતિ ક્યારેય થતાં નથી. અર્થાત્ તે બંને ગતિને તાળાં દેવાઈ જાય છે, દુર્ગતિનાં દ્વાર બંધ થઈ જાય છે.

શત્રુંજયતીર્થનો મહિમા ગાતાં ગ્રંથકાર જણાવે છે કે - આ તીર્થમાં ધ્યાન કરવામાં આવે તો હજારો પલ્યોપમનાં પાપ નષ્ટ થઈ જાય છે. આ તીર્થમાં વિવિધ અભિગ્રહ ધારણ કરવામાં આવે તો લાખો પલ્યોપમનાં પાપકર્મો ખતમ થાય છે. વિધિપૂર્વક - છ'રી' ના પાલનપૂર્વક માર્ગમાં ચાલતાં સંખ્યાતા પલ્યોપમનાં દુષ્કર્મોનો ક્ષય થાય છે. તે જ રીતે શત્રુંજય ગિરિરાજ પર માત્ર ભગવાન શ્રીઋષભદેવનાં દર્શન કરે તો બંને દુર્ગતિ ખપી જાય છે, દુર્ગતિ ગમન અટકી જાય છે. પૂજા ભણાવે અથવા સ્નાત્રવિધિ કરે તો હજારો પલ્યોપમ પ્રમાણ પાપોની આત્મામાંથી બાદબાકી થાય છે.

ગીરનાર પર તો અનંત તીર્થંકરભગવંતોનાં દીક્ષા-કેવલજ્ઞાન અને નિર્વાણઃ એમ ત્રણે કલ્યાણક (વર્તમાન ચોવીશીના શ્રીનેમિનાથ ભગવાનની જેમ) થયાં છે. મતલબ, અનંતાં કલ્યાણકોની તથા અનંત જિનેશ્વરદેવોની એ નિર્વાણભૂમિ છે. શત્રુંજય સિદ્ધોની ભૂમિ ગણાય છે.

આબુ તીર્થની વાત કરતાં જણાવે છે : 'નાગેન્દ્ર-ચન્દ્ર-નિર્વૃતિ અને વિદ્યાધર વગેરે તમામ સંઘોએ ભેગા મળીને અર્બુદગિરિ(આબુ) ઉપર શ્રી આદિનાથપ્રભુની પ્રતિષ્ઠા કરી હતી, તે યુગાદિદેવ જય પામો.'

તીર્થયાત્રા વિધિપૂર્વક કરવામાં આવે તો - આરંભ - સમારંભ (પાપપ્રવૃત્તિ)-થી નિવૃત્તિ પ્રાપ્ત થાય છે. પુણ્યથી મળેલ દ્રવ્ય-પૈસા-લક્ષ્મી સફળ થાય છે. શ્રીસંઘનું ઊંચુ ભક્તિ-વાત્સલ્ય (સાધર્મિક વાત્સલ્ય,શ્રમણ-શ્રમણીની ભક્તિ) થાય છે. સમ્યગ્દર્શન નિર્મલ બને છે. સગા-સંબંધી વગેરે પ્રિયજનોનું હિત થાય છે. (નવા જિનાલયની જરૂરિયાત હોય તોય ઊભાં થઈ જાય છે.) ગામે-ગામ શાસનની પ્રભાવના વિસ્તરે છે. શ્રીજિનેશ્વરભગવંતની આજ્ઞાનું પાલન થાય છે. શ્રીતીર્થંકરનામકર્મનો બંધ થાય છે. સિદ્ધત્વની ટૂંક સમયમાં જ પ્રાપ્તિ થઈ જાય છે. (જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી) દેવ-માનવની સદ્ગતિ મળે છે.

એક ઠેકાણે શાસ્ત્રકાર જણાવે છેઃ 'જ્યાં અનંતા તીર્થંકરભગવંતો સિદ્ધ થયા છે, મોક્ષે ગયા છે. ભવિષ્યમાં અનંતા મોક્ષે જશે. જે મુક્તિ માટે ક્રીડાનું સ્થાન છે...તે તીર્થને વારંવાર નમસ્કાર હો.'

તીર્થયાત્રામાં સ્થાવરતીર્થોમાં એક જ્ઞાનતીર્થ (દ્વાદશાંગી તીર્થ) નો પણ શ્રાવકોએ સમાવેશ કરવો જોઈએ. જ્ઞાનતીર્થ પ્રત્યે આજે ઘણી ઉદાસીનતા જોવા મળે છે. જ્ઞાનતીર્થ એટલે આપણાં પવિત્ર જ્ઞાનભંડારો. જે જંગમતીર્થ અને સ્થાવરતીર્થોનું સંપૂર્ણ માર્ગદર્શન આપે છે. જો જ્ઞાનતીર્થ ન હોય (સમ્યગ્જ્ઞાન-શ્રુત જ ન હોય)તો બાકીનાં તીર્થોનું નિર્માણ કે આરાધન ક્યાંથી શક્ય બને ? સમ્યગ્જ્ઞાન વિના તો સંપૂર્ણ અંધારું જ છે. પૂજાની ઢાળમાં પણ આ જ વાત કરી છેઃ 'સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ; તેહ જ્ઞાન નિતનિત વંદીજે... ક્રિયાનો મતલબ છે, ચારિત્ર-આચાર, તેહનું મૂળ છે શ્રદ્ધા અને શ્રદ્ધાના મૂળમાં છે સમ્યગ્જ્ઞાન. અર્થાત્ સ્મયગ્જ્ઞાન એ પાયો છે. તેનાં ઉપર શ્રદ્ધા (સમ્યગ્દર્શન) અને સમ્યક્ચારિત્રની ઈમારત ઊભી થાય છે ને ટકે છે. જ્ઞાનનો પાયો કાચો-નબળો હોય તો ઉપરની ઈમારતનું આયુષ્ય લાંબુ ન જ હોઈ શકે.'

આજ-કાલ જોઈએ તો જ્ઞાનભંડારો (જ્ઞાનમંદિરો) ની રચના-જાળવણી તરફ ઘણો ઉપેક્ષાભાવ જોવા મળી રહ્યો છે. ટ્રસ્ટીઓમાં પૈસાનો રસ છે, જ્ઞાનનો નથી.ઘણી જગ્યાએ તો જ્ઞાનભંડારોની હાલત જોતાં આંખમાં આંસુ આવી જાય છે. કરોડો રૂપિયા કરતાં સમ્યક્-શ્રુતજ્ઞાનની મહત્તા વધારે છે, કિંમત વધારે છે. સમગ્ર શાસન શ્રુતજ્ઞાનના બળે જ ચાલે છે. જે દિવસે શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થશે, તે દિવસે શાસનની હયાતિ પર પશ્નાર્થ લાગી જશે !

સમ્યક્-શ્રુતજ્ઞાન મતલબ દ્વાદશાંગી પણ તીર્થ છે. તેના આધારે જ સંસાર તરવાનું માર્ગદર્શન મળે છે. કોઈપણ ક્ષેત્રમાં જુઓ તો જ્ઞાનની જરૂરિયાત પ્રથમ તબક્કે જોવા મળશે. જ્ઞાન વગર ક્યાંય ચાલતું નથી. જ્ઞાનના કારણે જ જ્ઞાનની કિંમત અંકાય છે. જ્ઞાનીને પણ તે કારણે જ માન-પાન મળે છે. આનું અર્થઘટન એ થયું કે - સ્થાવર તીર્થોની જેમ જ્ઞાનતીર્થની યાત્રા કરવી જોઈએ. વિશિષ્ટ - મોટા મોટા - હસ્તલિખિત અથવા છાપેલા જ્ઞાનભંડારોની યાત્રા કરી, તેની વાસક્ષેપ આદિથી પૂજા કરી, રૂપાનાણું વગેરે મૂકી પાંચ-એકાવન ખમાસમણ દઈ , પાંચ - એકાવન લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી ભક્તિ કરવી જોઈએ. એ શ્રુતજ્ઞાન કેવલજ્ઞાનની ચાવી છે. પાંચ જ્ઞાનમાં મતિ-અવધિ વગેરે ચાર જ્ઞાન તો મૂંગા છે. માત્ર શ્રુતજ્ઞાન જ બોલે છે. પરોપકાર માટે - બીજાને જ્ઞાન આપવા માટે શ્રુતજ્ઞાન જ જોઈએ.



જેસલમેર-પાટણ-રાધનપુર-ચાણસ્મા-બીકાનેર-અમદાવાદ જેવાં પ્રાચીન ગામ-નગરોમાં આજેય ઘણાં જ્ઞાનભંડારો હયાત છે. તે ઉપરાંત ગુજરાતમાં કોબા ગામ પાસે એક વિશાળ શાસ્ત્રસંગ્રહ ઊભો કરાયો છે. આપણી (જૈન શાસનની) શ્રુતસંપત્તિનો ત્યાં જવાથી અંદાજ આવશે. જૈન ધર્મ જેટલો શ્રુતનો વારસો લગભગ ક્યાંય નહીં મળે. અલબત્ત, વચ્ચેના યુગોમાં ઘણો નાશ થયો છે, છતાં પૂ.આચાર્યભગવંતાદિ ગુરુવરોએ અને વિવેકી શ્રાવકોએ ઘણું બચાવ્યું છે. ધર્મવિરોધી અને ધર્મઝનૂની લોકોએ (મોગલોએ) ઘણા ગ્રંથોને રસોઈ બનાવવા અને તાપણાં કરવા માટે બાળી નાખ્યા ! એમાં લાખો ગ્રંથો ગુમાવ્યા. ઘણા ગ્રંથો એવા હતા કે એની બીજી પ્રતિ ન હતી. આવા ગ્રંથો કરોડો રૂપિયાનો ખર્ચ કરતાંય નવા બને ખરા ? ધનના લોભી કેટલાય યતિઓ-શ્રાવકોએ ગ્રંથો વેચી નાખ્યા. એ રીતે આપણું ઘણું શ્રુતજ્ઞાન અન્ય લોકોના હાથમાં ચાલ્યું ગયું ! દુષ્કાળ વગેરેમાં સ્વાધ્યાય વગેરેના અભાવે કેટલુંક શ્રુત ભુલાઈ ગયું !

હવે તો સૌની ફરજ એ છે કે-જે વર્તમાનમાં હયાત છે. તેનું સંરક્ષણ અને યથાયોગ્ય તેની પ્રતિલિપિ કરાવી, છપાવી એનું સંવર્ધન કરવું. તે માટે યોગ્ય સારાં કબાટોની, પોથીઓની, પાટલીઓની, જીવાતથી બચાવવા માટે ઘોડાવજ, તમાકુની પોટલીઓ વગેરે રાખી તેને બચાવવું. તેના બાઈડિંગ વગેરે વ્યવસ્થિત કરાવવાં. અવાર-નવાર પ્રમાર્જના કરવી. ધનનો પ્રવાહ ત્યાં પણ વિવેક પૂર્વક વહાવવો. જ્ઞાનભંડારોને સમૃદ્ધ બનાવવા. તેની સાર-સંભાળ રાખવી-રખાવવી. તેનાં લીસ્ટ વગેરે બનાવી, યોગ્ય ઉપયોગ કરાવવો, શ્રુતજ્ઞાનનો કદાચ તત્કાલ ઉપયોગ થતો ન પણ દેખાય તોય તેની ઉપેક્ષા ન કરવી. તેની સુરક્ષા કરી હશે તો યોગ્ય સમયે જરૂર ઉપયોગી બનશે. એ **'મૂલ્યવાન ખજાનો'** છે.

આજે પણ શ્રુતના આધારે જ શાસન ચાલે છે. અનુશાસન પણ તેના માધ્યમે જ થાય છે.

હવે તીર્થયાત્રાનો વિધિ સમજીએ. સામાન્યથી તીર્થની યાત્રા છ'રી' નાં પાલનપૂર્વક કરવી જોઈએ. જેની પાછળ 'રી' આવે છે એવા છ નિયમો હોવાથી છ'રી' કહેવાય છે. **૧.એકાહારી** : એક જ વાર આહાર કરવો. આનો મતલબ ઓછામાં ઓછું એકાસણું અવશ્ય કરવું. વધારે વાર ખાવાની ક્રિયા કરનારને દિવસમાં જે ભક્તિના ભાવો સતત હૈયામાં રહેવા-રમવા જોઈએ, એમાં ગરબડ ઊભી થાય છે. ભોજન એ ભજનમાં ખલેલ ઊભી કરે છે, ભંગ પાડે છે. વધારે ટંક આહાર કરવાથી આળસ આવે છે, પ્રમાદનું પ્રમાણ વધી જાય છે. વધારે પડતો આહાર કે વધારે પડતી ભૂખ પણ ભક્તિમાં વિઘ્નરૂપ છે. એક વાર મધ્યાહ્ન સમયે ભોજન લઈ લેવામાં આવે તો આખો દિવસ ભક્તિ-આરાધનામાં શરીર

વ્યવસ્થિત સાથ આપે. હા, જે દિવસે તીર્થમાં પહોંચો તે દિવસે શક્તિ હોય તો ઉપવાસ જ કરવો જોઈએ; એવું યાત્રા-પંચાશકમાં જણાવ્યું છે. ઉપવાસ કરવાથી આખો દિવસ ભક્તિ થઈ શકે.

તીર્થયાત્રા માટે નીકળે ને તીર્થે ન પહોંચાય ત્યાં સુધી હજામત પણ ન કરાવવી. પગમાં પગરખાં ન પહેરવાં. જો હજામત કરાવે કે પગરખાં પહેરે તો યાત્રાનાં ફળમાં ઘટાડો થાય છે, એમ શાસ્ત્રો ફરમાવે છે. જો ચોરી કરે તો સંપૂર્ણ ફળની હાનિ થાય છે. આવી કોઈ ક્રિયા ન થઈ જાય તેની ખૂબ તકેદારી રાખવી.

**૨.ભૂમિસંથારી** : જમીન પર સંથારો પાથરીને સૂઈ જવું. સંથારા પર સૂઈ જવાથી વધારે સૂવાનું-પડ્યા રહેવાનું મન નથી થતું. સમયસર ઊઠવાથી પ્રતિક્રમણાદિ ક્રિયાઓ સહજ થઈ જાય છે. સાધુતાનો અભ્યાસ પણ પડે છે. અપ્રમત્તતા કેળવવા માટે પૌષધમાં તથા ઉપધાનમાં પણ સંથારા પર જ શયન કરવાનું વિધાન છે. સંથારા પર શયન કરવાથી બ્રહ્મચર્યનું પાલન સહેલાઈથી થાય છે, એટલે કે બ્રહ્મચર્યના પાલનમાં સંથારે શયન સહાયક છે. ગાદી વગેરે પર સૂવાથી સુખશીલતા પોષાય છે. રાગ-રતિ નામનાં પાપોની પૃષ્ટિ થાય છે.

**૩.પાદચારી** : પગપાળા ચાલવું. પગે ચાલવાથી ઈર્યાસમિતિ (જયણા) નું પાલન થાય છે. વાહનમાં તો કૈં-કેટલાય જીવોની હિંસા થાય છે. ઈર્યાસમિતિ એટલે સાડા ત્રણ હાથ (ગાડાના ધૂસરા જેટલું) અંતર રાખીને ચાલવાની શાસ્ત્રાજ્ઞા છે. એ આજ્ઞાનાં પાલનનો લાભ મળે છે. આજ્ઞામાં જ તો ધર્મ છે, અનુકૂળતામાં ધર્મ નથી. શારીરિક પરિશ્રમ પૂર્વક કરેલી યાત્રાનો આનંદ વિશેષ હોય છે. તીર્થના માર્ગમાં ચાલતાં જે એક-બીજાના યાત્રિકોની પગની ધૂળ ઊડે તે એક-બીજાને શરીરે લાગવાથી જીવની કર્મરજ દૂર થાય છે; એમ શાસ્ત્રકાર લખે છે. પગે ચાલતાં પગમાં પગરખાં પણ પહેરવાનો નિષેધ છે. કુમારપાળ મહારાજા જેવા રાજવીએ પણ ગુરુદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સાથે પગે ચાલીને જ પાટણથી સિદ્ધગિરિ (પાલિતાણા) પહોંચીને યાત્રા કરી હતી ! અઢાર દેશના એ રાજા પાસે હાથી-ઘોડા-પાલખી-રથ વગેરે ઘણાંય સાધનો હતાં, પરંતુ તેનો ઉપયોગ નહોતો કર્યો !

**૪.શુદ્ધસમ્યક્ત્વધારી** : તીર્થયાત્રા સમ્યગ્દર્શનને નિર્મળ બનાવનારી છે. શુદ્ધ શ્રદ્ધાપૂર્વક તીર્થયાત્રા કરવાથી પ્રભુભક્તિ શીઘ્ર ફળે છે. મિથ્યાત્વ અવસ્થામાં કરેલી યાત્રામાં ભગવાન ઉપર શ્રદ્ધા ન હોવાથી ક્યારેક તો યાત્રા નિષ્ફળ થાય છે. ક્યારેક સાવ સામાન્ય ફળ જ પ્રાપ્ત થાય છે. લાખોની કમાણી કરાવનારી તે તીર્થયાત્રાથી જો માત્ર ૫-૧૫ રૂપિયા જ મળે તો કેવું કહેવાય ? તીર્થયાત્રા દ્વારા,



તીર્થના અધિપતિ (મૂળનાયક)ની પૂજા કરનાર પોતે પૂજ્ય બની જાય છે. મતલબ, ભક્ત પોતે ભગવાન બની જાય છે. આટલી તાકાત તીર્થયાત્રામાં અને ભગવદ્ભક્તિમાં છે. સમ્યગ્દર્શન હોય તો ભગવાન અને ભગવાનનાં વચનો ઉપર અપાર-અથાગ શ્રદ્ધા બની રહે છે. શ્રદ્ધા સાથે થયેલી ભક્તિનો પ્રભાવ-ફળ વિશિષ્ટ હોય છે. શ્રદ્ધા વગર સમર્પણનો ભાવ ક્યાંથી પ્રગટે ?

**૫.સચિત્તપરિહારી** : યાત્રા દરમિયાન સચિત્તભક્ષણનો ત્યાગ કરવાનો છે. સચિત્તનું ભક્ષણ કરવાથી હૃદયના ભાવોમાં કોમળતાની જગ્યાએ કઠોરતા પેદા થાય છે. દયાની જગ્યાએ નિષ્ઠુરતા આવી જાય છે. દયા વિનાનું દિલ તો પત્થર ગણાય. દિલને તો દયાથી માખણ જેવું મુલાયમ બનાવવાનું-રાખવાનું છે. દિલમાં દયાનો ભાવ ન હોય તો 'મિત્તી મે સવ્વભૂએસુ' (દરેક જીવો મારા મિત્ર છે) એ ભાવના આકાર ન લઈ શકે. આ ભાવના વિના સામા જીવની ભૂલ-ગુનો માફ કરવા જીવ ક્યાંથી તૈયાર થઈ શકે ? આ ભાવના તો દુશ્મનથી પણ આપણને નિર્ભય બનાવે છે. આ ભાવના વગર સાચી ક્ષમાની આપ-લે પણ સંભવિત નથી. સચિત્તનું ભક્ષણ વિશેષ રાગનું પણ કારણ છે. રાગ-આસક્તિ આવી તો તે ગતિમાં અનેકવાર જન્મ લેવો પડે છે ! માટે યાત્રા દરમિયાન સર્વ સચિત્ત(સજીવ) નો ત્યાગ કરવાનો છે.

**૬.બ્રહ્મચારી** : અબ્રહ્મનું સેવન તો તીર્થયાત્રાને નિષ્ફળ બનાવે છે, ઉપરાંત ગાઢ-નિકાચિત કર્મબંધનું કારણ બને છે. અબ્રહ્મની ક્રિયા રાગ વગર અને હિંસા વગર થતી નથી. અબ્રહ્મના સેવનમાં લાખો ગર્ભજ પંચેન્દ્રિય માનવોની હિંસા રહેલી છે. વાસ્તવિક બ્રહ્મચર્યનો અર્થ છે : આત્માએ આત્મામાં જ રમવું. આમ વિચારો તો પાંચે ઈન્દ્રિયોનું બ્રહ્મચર્ય હોય છે, એવું પ્રશ્નવ્યાકરણ નામના આગમમાં જણાવ્યું છે. આત્માથી બાહ્યભાવોમાં - પૌદ્ગલિક ભાવોમાં ખેંચી જવાનું કાર્ય અબ્રહ્મસેવનમાં છે. અબ્રહ્મ-મૈથુનના ઉત્કૃષ્ટભાવોનાં કારણે તો ચક્રવર્તીનું સ્ત્રીરત્ન છટ્ઠી નરકમાં જન્મ ધારણ કરે છે. તીવ્ર કામાસક્તિ જ એમાં મુખ્ય કારણ છે. કામાસક્તિને રોકવા અને બ્રહ્મચર્યનાં નિર્મળ પાલન માટે અશુચિભાવના સુંદર સાધન છે. શરીરની ઉપર રહેલા બારદાન (ચામડી) ની અંદર નજર નાંખશો તો શું દેખાશે ? ગટરમાં રહેલી અશુચિ યાદ આવી જશે. અનાદિકાળના કુસંસ્કારોને નાથવા જ્ઞાની ભગવંતોનાં વચનો રામબાણ ઈલાજ છે.

જ્ઞાની ભગવંતોએ યાત્રાના ત્રણ પ્રકાર પણ પાડ્યા છે. ૧.અષ્ટાહ્નિકા યાત્રા (અઠ્ઠાઈ મહોત્સવ) ૨.રથયાત્રા (વરઘોડો) અને ૩.તીર્થયાત્રા. સ્થાવરતીર્થયાત્રાની જેમ જંગમતીર્થોની યાત્રા અને જ્ઞાનતીર્થોની યાત્રામાં પણ નીતિ-નિયમો અને વિવેકનો ઉપયોગ કરવાનો છે. **(ક્રમશઃ)** ધ

# ★ વસતીદાન... પુણ્યનો પ્રકાર...૨ ★★★

- શ્રી ધર્મમિત્ર

**સાધુને કેવું મકાન ખપે?**

જે મહાત્માઓએ વાજિંત્રોના નાદ પૂર્વક, વર્ષીદાન કરવા પૂર્વક, મહોત્સવ ઊજવીને, નાણ માંડવા સાથે, ચતુર્વિધસંઘની હાજરીમાં, જૈન-અજૈન અનેક માનવોની વચ્ચે, ગુરુભગવંતના વરદમુખે અને ગૃહવાસાદિ ભૌતિક સામગ્રી અને સંબંધોનો છેદ કરીઃ હે ભગવંત! હવે હું સામાયિક કરું છું. સઘળાંય પાપવ્યાપારોનો જાવજ્જીવ માટે ત્યાગ કરું છું... ત્રિવિધિ ત્રિવિધપણે વોસિરાવું છું... આવી જે ભિષ્મ-મહાપ્રતિજ્ઞા કરી અને છકાય જીવો (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાયઃ આ છકાય જીવો કહેવાય) ની રક્ષામાં તત્પર બન્યા.. તે મુનિવરો પોતે ઉચ્ચરેલી પ્રતિજ્ઞાને છોડી ઘર વગેરે કઈ રીતે બતાવે?

તેથી બીજાએ (ગૃહસ્થે) પોતાના માટે પ્રારંભ કરેલું (બાંધવાની શરૂઆત કરેલું) અને પોતાના ઉદ્દેશથી જ પૂર્ણ કરેલું, મન-વચન-કાયાથી-પોતે (સાધુએ) કરેલું નહીં, બીજાઓ દ્વારા કરાવેલું નહીં; વળી, અનુમોદન પણ ન કરેલું, મૂળગુણ-ઉત્તરગુણથી યુક્ત, પ્રમાણોક્ત, સ્ત્રી-પશુ-નપુંસક અને દુરાચારીઓથી રહિત, તેવા પડોશથી પણ રહિત... સ્વાધ્યાય, કાલગ્રહણ, સ્થંડિલ-માતરુંની નિરવદ્ય ભૂમિઓથી યુક્ત, સુરક્ષિત,સુસાધુઓને યોગ્ય, પાપરહિત સ્થાન (ઘર-મકાન વગેરે) ગૃહસ્થ મુનિવરોને આપે. આવું સ્થાન સાધુને ખપે.

દીક્ષા સમયે સાધુ 'કરેમિ ભંતે!' ના માધ્યમથી સર્વ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરે છે. તે પણ ત્રિવિધ-ત્રિવિધ...મતલબ, મન-વચન-કાયાથી, કરવા-કરાવવા અને અનુમોદનાનાં પણ પચ્ચક્ખાણ આમાં આવી જાય છે. નાની-મોટી કોઈપણ પાપની ક્રિયા કરે-કરાવે કે અનુમોદે (વિચારથી, વાણીથી કે વર્તનથી) તોય પ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય. હિંસાના પાપવગર મકાન બની શકતું જ નથી. આ વાત પ્રથમ લેખાંકમાં જોઈ ગયા. વડીદીક્ષા સમયે તો મહાવ્રતોની પ્રતિજ્ઞા સ્વીકારાય છે. તેમાં તો સર્વથા પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતાદિ ઉચ્ચરાવાય છે. પોતાના માટે મકાન બાંધે-બંધાવે તો પરિગ્રહ થવાથી અથવા મમત્વભાવ થવાથી પાંચમા મહાવ્રતમાંય ભાંગો આવે. મમત્ત્વને જ પરિગ્રહ ગણાવ્યો છે. (તત્ત્વાર્થસૂત્ર)

ઉપર સ્ત્રી-પશુ-નપુંસક અને દુરાચારીઓથી રહિત મકાન આપવાની વાત કરી તેનો મતલબ એ થયો કે - બ્રહ્મચર્યની નવ વાડનું પાલન થઈ શકે તેવું સ્થાન જોઈએ. સ્ત્રી-પશુ આદિ બ્રહ્મચર્યમાં વિક્ષેપ ઊભો કરનાર ગણાય છે.



સાધુના સ્થાનમાં કે બાજુમાં ઘોંઘાટ હોય, હિંસા વગેરે થતી હોય... તો સ્વાધ્યાય-કાલગ્રહણાદિમાં તે બાધક છે. માટે સ્વાધ્યાયમાં બાધ ન આવે, કાલગ્રહણાદિ ક્રિયા નિર્વિઘ્ને થઈ શકે એવું મકાન જોઈએ. ટી.વી.,રેડિયો વગેરે મોટેથી વાગતાં હોય તોય સ્વાધ્યાયાદિમાં ખલેલ પહોંચે. લોકો ભેગા થઈને શોર-બકોર મચાવતા હોય, ઠઠ્ઠા મશ્કરી કરતા હોય,ગામ-ગપાટા કરતા હોય તો મુનિવરોનાં મન સ્વાધ્યાયમાં ન લાગે. ક્યારેક ભૂતકાળનાં સંસ્મરણો મનમાં યાદ આવે તે પણ વિક્ષેપ માટે થાય.

સ્થંડિલ - માતરું માટે નિર્દોષ - નિર્જીવ ભૂમિ આસપાસ હોવી જોઈએ, જેથી મુનિવરોનાં મહાવ્રતોનાં પાલનમાં અને સ્વાધ્યાયાદિમાં વ્યાઘાત ન થાય.

મુનિવરો જ્યાં રહે ત્યાં ચોરી-ચપાટી વગેરે ન થતાં હોય... લૂંટફાટ ન થતી હોય... એવું સુરક્ષિત સ્થાન જોઈએ. સાધ્વીજી ભગવંતો હોય તો તેમના શીલની રક્ષામાં બાધ ન પહોંચે...નિશ્ચિત રીતે રહી શકે... રાત હોય કે દિવસ... એવું સ્થાન-મકાન જોઈએ. સર્પાદિ જીવલેણ જીવોનો ઉપદ્રવ ન હોવો જોઈએ.

સાધુઓને યોગ્ય... એટલે જયણા-જીવદયા સારી રીતે પાળી શકાય... એવા હવા-ઉજાસવાળું, જીવ-જંતુના (કીડી-મંકોડાદિનાં) દર વગેરે કે પોલાણ ન હોય તેવું, સાફ-સફાઈવાળું...પાણી-વનસ્પતિ વગેરેનો બાધ ન આવે તેવું સ્થાન સાધુને જોઈએ. પ્રમાણયુક્તની વાત એટલા માટે કરી છે કે -ગોચરી-પાણી-સ્વાધ્યાય-ધ્યાન-વિશ્રામ વગેરેમાં સંકડાશ ન પડે તેવી - તેટલા પ્રમાણવાળી જગ્યા હોવી જોઈએ. કાલગ્રહણાદિ ક્રિયા માટે પણ અલગ જગ્યા હોય તો દરેક વસ્તુ વિઘ્ન વગર થઈ શકે.

છેલ્લે જણાવે છે કે પાપરહિત જોઈએ. આનો અર્થ એ થયો કે - કોઈ પણ પ્રકારનું પાપ સાધુને ન લાગે તેવું સ્થાન મુનિવરોને રહેવા માટે ગૃહસ્થે આપવું જોઈએઃ

**ઉત્સર્ગ-અપવાદઃ** જો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયીને તેવા પ્રકારની વસતી ન જ મળે તો સારાસાર-લાભાલાભનો વિવેક પૂર્વક વિચાર કરી; અલ્પ દોષ વાળી અને વધારે ગુણોવાળી વસતીનું દાન સાધુને કરવું. કારણ, વસતી વ્યવસ્થિત ન હોય તો સંયમના પાલનમાં સાધુ અસમર્થ થાય. મતલબ, સંયમમાં દોષો પેદા થાય... શ્રાવકે સાધુના સંયમના પાલનમાં સહાયક બનવાનું છે. સ્વયં પ્રતિકૂળતા વેઠીનેય સાધુ-સાધવીજીને અનુકૂળતા કરી આપવાની છે. ઉત્સર્ગ માર્ગની વસતી મળે તો અપવાદમાર્ગનો આશ્રય ન લેવો.

સાધુને વસતીનું દાન કરવાથી ગૃહસ્થ(શ્રાવક) દુસ્તર એવા સંસાર-સમુદ્રને તરે છે. તેથી જ શાસ્ત્રજ્ઞોએ 'શય્યાતર'(શય્યાતર એટલે શય્યા મતલબ સૂવાની જગ્યા આપીને તરનારો) કહ્યો છે.

શય્યાતરની આપેલી વસતીમાં રહેલા સાધુઓ બીજા પાસેથી વસ્ત્ર-પાત્રાદિ જે પણ પ્રાપ્ત કરે તે પરમાર્થથી શય્યાતરે જ આપ્યું ગણાય. રહેવા માટે મકાન-સ્થાન જ મળે નહીં તો ગોચરી, પાણી, વસ્ત્ર-પાત્રાદિ લેવા ક્યાંથી જઈ શકે? રહેવા માટેની જગ્યા મળ્યા પછી જ ગોચરી વગેરે વહોરવા માટે મુનિવરો જાય. તેથી જ ભોજનાદિ ક્યાંય ન મળે તો પણ તે વસતીનો દાતા તો તે દાનના મૂળમાં કારણ બને જ. વસતી હોય તો અશનાદિ વસ્તુ લઈ શકાય... માટે તે તે સર્વવસ્તુના દાનનો મૂળ દાતા તો શય્યાતર જ ગણાય. આપનારા તો મૂળ નહીં; ઉત્તરકારણ તરીકે ગણાય. મૂળ અંગ (શરીર-દેહ) હોય તો જ તેની સાથે સંબંધ રાખનારા હાથ-પગ વગેરે અવયવો-ઉપાંગોનો તે અધિકારી બની શકે! જેમ મૂળ બળવાન હોય તો જ વૃક્ષ મોટા વિસ્તારને પામે. મતલબ ઘેરાવો વધે. (મૂળ મજબૂત ન હોય તો ઝાડ ટકી ન શકે.) તેમ વસતીની પ્રાપ્તિરૂપ મૂળવાળો મુનિવર્ગ સંયમની વિશેષ વૃદ્ધિ કરી શકે.

પોતાના ઘરમાં કે મકાનમાં મુનિઓને વસતી આપનારો ગૃહસ્થ; મુનિપુંગવોનું વાયુ, રજ, વરસાદ,ઠંડી-ગરમી, પવન વગેરેના ઉપસર્ગોથી રક્ષણ કરનાર ગણાય છે. તે જ રીતે ચોરોથી,દુષ્ટ શ્વાપદાદિ (જંગલી વગેરે પ્રાણીઓથી તથા ડાંસ-મચ્છર વગેરે ઉપદ્રવોથી રક્ષણ કરતો સદાકાળ તે મુનિવરોનાં મન-વચન-કાયાને પ્રસન્ન કરે છે - રાખે છે. એ મન-વચન-કાયાના યોગોની પ્રસન્નતાથી જ મુનિઓમાં મતિ-શ્રુતિ-સંજ્ઞા અને શાંતિનું બળ મળે છે.

ઉપસર્ગ કે ઉપદ્રવાદિ પ્રતિકૂળતાઓ ન હોય તો મુનિવરો નિશ્ચિંતપણે સંયમયોગોની તથા જ્ઞાનયોગ - સ્વાધ્યાયાદિ કરી શકે. તો જ મનાદિ ત્રણે યોગો સ્વસ્થ રહી શકે. આ સ્વાધ્યાય તેઓને વૈરાગ્યની અને શુભધ્યાનની વૃદ્ધિ માટે થાય છે. માટે જ શાસ્ત્રમાં કહેવાયું છે કે - પ્રાયઃ સુમનોજ્ઞ આશ્રય (સ્થાન - મકાન), શયન, આસન અને ભોજનથી સુમનોજ્ઞ ધ્યાન કરનાર મહાત્મા સંસારનો વિરાગી બને છે. અર્થાત્ તેમના વૈરાગ્યમાં ઉત્તરોત્તર વધારો થાય છે. આગળ વધીને એમ પણ કહેવાયું છે કે - જેના સ્થાનમાં મુનિવરો મુહૂર્તમાત્ર (૪૮ મિનિટ) પણ વિશ્રાંતિ કરે છે, તેટલાથી તે નિશ્ચયે કૃતકૃત્ય બને છે. તેને અન્ય પુણ્યની શી જરૂર? મતલબ,



વસતીદાનથી એવું પુણ્ય બંધાય છે કે- અન્ય કાર્યો દ્વારા પુણ્યોપાર્જનની આવશ્યકતા રહેતી નથી.

વળી લખ્યું છે કે- જેઓના મકાન-ઘરમાં; પાપના મેલને ધોઈ નાંખનારા સુસાધુઓ રહે છે, તેઓનો જન્મ ધન્ય છે. તેઓનું કુળ પણ ધન્ય છે. સ્વયં (પોતે) પણ ધન્ય છે. (કારણ, ઘરનું નિર્માણ પાપ વગર, છકાયની હિંસા વિના થતું નથી. પરંતુ તે જ ઘર જ્યારે મુનિભગવંતોના ઉપયોગમાં આવે છે ત્યારે તે પુણ્યનું કારણ બની જાય છે. તેઓનાં ચરણરજથી પવિત્ર પણ થઈ જાય છે! જેઓનું દર્શન પુણ્યવગર થતું ન હોય તો પાવન પધરામણી તો ક્યાંથી થાય?)

તે ગૃહસ્થનો જન્મ અગર દુર્ગંછિત (હીનકુળ) માં થયો હોત તો જગતમાં એક પૂજ્ય ગણાતા સાધુભગવંતો તેમના ઘરમાં ક્યાંથી રહેત? જેઓના મદ-મોહ નાશ પામ્યા છે તેવા મુનિભગવંતો પુણ્યશાળીના ઘરમાં જ રહે છે. કારણ, પાપીઓના (પાપના ઉદયવાળા જીવોના) ઘરમાં ક્યારેય રત્નની વૃષ્ટિ ન જ થાય!

જીવોને કલિકાલના ક્લેશથી રહિત એવો અવસર ક્યારેક જ પ્રાપ્ત થાય છે, કે જ્યારે ગુણરત્નોના મહાનિધિ શ્રેષ્ઠ મુનિઓ (તેમના) ઘરમાં રહે. (સાધુનો માત્ર 'ધર્મલાભ' એવો સાડા ચાર અક્ષરનો શબ્દ સાંભળતાં જ ઘરમાં ચાલતા મારામારીના ઝઘડાય જો કાચી સેકંડોમાં શમી જતા હોય... તો મુનિભગવંતોનો ઘરમાં વાસ હોય ત્યાં ક્લેશ ક્યાંથી હોય?) જેમ પુણ્યના ઉદય વિના કલ્પવૃક્ષની છાયા પણ ન મળે (તેનાં ફળો મેળવવા તો અઢળકપુણ્ય જોઈએ.) ત્યાં પાપને ચૂરી નાંખનારી મહાનુભાવ - મહાત્માની સેવા ક્યાંથી મળે ! પુણ્યના ઉદયથી મળનારી એ સેવા પાપનો નાશ કરનારી ગણે છે! જીવને કૃતકૃત્ય બનાવનારી... આગળ વધીને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરાવનારી છે !!

શય્યાતપ મુનિને માટે શું કરે છે?

સંયમની ધુરાને અખંડ ધારણ કરતા, ૧૮૦૦૦ શીલાંગરથને વહન કરતા, અષ્ટપ્રવચન માતાનું પાલન કરતા, ધીર-વીર-ગંભીર મુનિવૃષભોને ધર્મબુદ્ધિથી વસતીનું દાન કરનાર નીચેનાં સંઘળાં કાર્યો કરે છે.

ચારિત્રનો પક્ષપાત, ગુણાનુરાગ, ઉત્તમધર્મીપણું, નિર્દોષ જીવનચર્યાનો પક્ષપાત, કીર્તિની સમ્યગ્વૃદ્ધિ, સન્માર્ગની વૃદ્ધિ, કુસંગનો ત્યાગ, સુસંગ(સત્સંગ)માં રતિ, ઘર આંગણે કલ્પવૃક્ષનું વાવેતર, કામધેનુનું (ઈચ્છિત આપનાર દેવતાઈ ગાયનું ગ્રહણ, પોતાના હાથમાં ચિંતામણિરત્નનું ગ્રહણ, શ્રેષ્ઠ રત્નાકર (રત્નથી

ભરેલા સમુદ્ર) ને પોતાના ભવનના આંગણે લાવવાનો વિધિ, ધર્મની પરબનું દાન, અમૃતનું પાન, શ્રેષ્ઠનિધિનું ગ્રહણ, સર્વસુખોને આમંત્રણ અને વિજયધ્વજ લહેરાવવાની ક્રિયા, સર્વકામના પૂરક વિદ્યા-મંત્રોની પરમ સાધના, વિવેક સહિત કૃતજ્ઞતાનું પ્રગટીકરણ... કર્યું છે, એમ સમજવું.

વળી, તે વસતીમાં રહેલા ગુણસમૃદ્ધ, ભાવદયાના સાગર, પરોપકાર પરાયણ સાધુઓનાં ચરણકમલમાં આવીને લોકો ધર્મશ્રવણ કરે, એ શ્રવણદ્વારા પ્રગટેલા શુભ ચૈતન્યવાળા ભવ્ય જીવો જે જે ધર્મક્રિયાઓમાં આગળ વધે, વિરોધી જીવો ભદ્રકભાવવાળા બને, ભદ્રિક હોય તે દયાભાવમાં આવે... માંસ-મદિરા વગેરે વ્યસનોના ત્યાગી બને, દોષ-દુર્ગુણ મુક્ત બને, સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે.. સમ્યક્ત્વવાળા હોય તે પરમભક્તિવાળા બની મનોહર શ્રીજિનાલય બંધાવે અને જિનબિંબની પ્રતિષ્ઠા કરાવે...જિનભક્તિમાં અભિવૃદ્ધિ કરે..તીર્થયાત્રા વગેરે કરે...જિનભક્તિના મહોત્સવો-અનુષ્ઠાનો કરાવે...કેટલાક જીવો સાધર્મિકની ભક્તિ-સેવા વગેરે કાર્યોનો પુરુષાર્થ કરે...કેટલાક આત્માઓ જિનાગમાદિ સત્શાસ્ત્રો લખાવરાવે...જ્ઞાનભક્તિ-સ્વાધ્યાયાદિ કરે...

કેટલાક અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રતના સ્વીકાર કરવા પૂર્વક દેશવિરતિનો સ્વીકાર કરે...તો વળી, કોઈક સર્વવિરતિરૂપ મુનિ જીવનનો સ્વીકાર કરવા તૈયાર થાય.. કેટલાક દાનધર્મમાં તો કેટલાક વિવિધ વ્રત-નિયમ-પચ્ચક્ખાણરૂપ શીલ ધર્મમાં પુરુષાર્થ કરનાર તૈયાર થાય છે. વળી, કેટલાક જીવો વિવિધ પ્રકારના અનેક તપો ગણાય છે, તેમાં પ્રગતિ કરે છે. તો વળી, કેટલાક જીવો તમામધર્મમાં ભેળવવાના ભાવમાં વૃદ્ધિ કરનારા થાય છે.

સાર એ આવ્યો કે- ઉપરોક્ત જે જે કાર્ય થાય તે તે પુણ્ય કાર્યોનું મૂળ કારણ સાધુને ઉપાશ્રય આપનાર જ ગણાય. આ કારણે મુનિ વગેરે ગુરુ ભગવંતોને આશ્રય (મકાન) આપનાર દાતા વિશેષ પુણ્યોપર્જન કરનાર થાય છે. ગુરુભગવંતો પોતે જ્ઞાનાદિ રત્નત્રયીની સાધના કરે તેના પુણ્યનો હિસ્સો પણ આ શય્યાતરને મળે છે.

તે જ સાચો રાજા છે, તે જ રાજાઓના મસ્તકના મણિ સમાન છે અને તે જ સ્થિર રાજ્યવાળો છે કે જેના રાજ્યમાં સાધુ-સાધ્વીજી ભગવંતો નિર્વિઘ્નપણે વિચરી શકે. અર્થાત્ પોતાના આચારના પાલનમાં બાધ ન આવે એવી સગવડ મળી શકે, કોઈ પણ પ્રકારની અગવડ ન થાય... (શ્રીકલ્પસૂત્રમાં જેમ ચાતુર્માસના ક્ષેત્રના ગુણો ગણાવ્યા છે, તે રીતે.)

(ક્રમશઃ) ધ



## ★ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પગલે.... વચને... ★★★

- સંકલન

**પ્રથમ બિયાસણું: શ્રેયાંસપરિવારની ભક્તિઃ**

વર્ષીતપના તપસ્વીને ફા.વ.૭.૮ ના છઠ્ઠ થયા બાદ ફા.વ.૯ ના દિવસે પ્રથમ બિયાસણું હતું... વર્ષીતપ સંકલન સમિતિએ તમામ તપસ્વીઓને પહેલેથી - તપસ્વીના પાસની સાથે જ સ્ટીલના થાળી-વાટકાનો સેટ તથા ઉકાળેલા પાણી માટે સ્ટીલની બોટલ,૨ નેપકીન વગેરે એક વ્યવસ્થિત થેલામાં અર્પણ કરી દીધું હતુંઃ જેથી એઠું છોડવાની-વાસણ પડી રહેવાથી સમૂર્ચ્છિમ પંચેન્દ્રિયની વિરાધનાથી બચી જવાય અને ભક્તિનો લાભ પણ મળે!

વર્ષીતપ સંકલન સમિતિના મુખ્ય કાર્યકર્તા અતુલભાઈ અશોકભાઈ વાસણવાળાએ પૂ.ગુરુદેવના બોરસદમાં આગમન પર્વે જ ચારે સંઘોની અલગ-અલગ અને ત્યારબાદ સંયુક્ત મિટિંગ બોલાવી; બિયાસણામાં ભક્તિ કરવા (પીરસવા) માટે જૈન ભાઈ-બહેનોને હાકલ કરી હતી. બધા જ ભાગ્યશાળીઓએ એ વાતને ઝીલી લીધી હતી. પૂ.ગુરુદેવશ્રીની સૂચના મુજબ આ ભાગ્યશાળીઓને (ભાઈ-બહેનાને) **'શ્રી શ્રેયાંસકુમાર પરિવાર'** નામ આપવામાં આવ્યું હતું. લાભાર્થી પરિવારોનું'વર્ષીતપ સંકલન સમિતિ' નામ સ્થાપવામાં આવેલ. લગભગ ૧૫ મહિના આ જ નામોથી નવાજવામાં આવેલ.

બિયાસણાંના સમય પૂર્વે જ (તપસ્વીઓ આવે તે પૂર્વે જ) શ્રી શ્રેયાંસ કુમાર પરિવાર હાજર થઈ ગયો. સહુના ચહેરા પર ભક્તિ કરવાનો ઉમંગ, ઊછરંગ તરવરાટ હતો. એ પરિવારના દિલમાં એ ભાવ હતો કે - 'આપણે આવો તપ તો નથી કરી શક્યા...ચાલો, તપસ્વીઓની ભક્તિ કરી તપની આડે આવતા અંતરાયને તોડીશું... પુણ્યના ભંડાર તો ભરીશું. દુનિયાની વેઠ ઘણી કરી. હવે ભક્તિ કરવી છે...' આ પરિવારનો ઉત્સાહ વર્ષીતપના વૈ.સુ.૪ના શાહી બિયારણાં સુધી જળવાઈ રહ્યો!

આ પરિવારની સ્થાપનામાં તથા તેમનો ઉત્સાહ ટકાવી રાખવા માટે અતુલભાઈએ તથા પૂ.ગુરુદેવશ્રીએ અવાર-નવાર સારી પ્રેરણા આપી હતી. ભક્તિના લાભો જણાવવા દ્વારા પૂ.ગુરુદેવશ્રીએ જોમ વધારવાનું કાર્ય કર્યું હતું. અતુલભાઈના દીકરા દેવેશભાઈ વગેરે ભાગ્યશાળીઓની આગેવાનીમાં આ

પરિવાર સક્રિય રહેતો હતો. આ પરિવાર ભાઈઓ-બહેનો મળી લગભગ ૭૫થી અધિક ભાગ્યશાળીઓ અત્યંત સક્રિય રહ્યા હતા. માર્ચ એન્ડીંગ હોય કે દિવાળી હોય... લગભગ સંખ્યા જળવાઈ રહી હતી.

મોટાભાગે જ્યાં પણ આવા સામૂહિક કાર્યક્રમો થતાં હોય ત્યાં પીરસવાવાળા 'વેઈટરો' જ આવતા હોય છે. તે ગમે તે જાતિના પણ હોય છે. દરેકની દૃષ્ટિ અને ભાવના સરખી અને સારી ન હોય તે સ્વાભાવિક છે. તેની જગ્યાએ જૈનો પીરસે ત્યાં કેવો ભાવ હોય..? પીરસનારનાં દિલમાં કેવી ભક્તિ-હોય..? ભક્તિના ભાવથી વધારે પીરસી દે તોય પચી જાય...! આ વાત તો સૌ સ્વીકારે છે. વળી, પોતાના સગા-સંબંધીઓ, ઓળખીતા-પાળખીતા અને સંઘના જ સભ્યો હોવાથી તથા જૈનો જ હોવાથી એક બીજાની તાસીર જાણતા હોય... એ કારણે પસંદ-નાપસંદ, ભાવતું- ન ભાવતું વગેરેની જાણકારી હોવાથી પીરસવા વાળાને અને વાપરવાવાળાને વધુ અનુકૂળ આવે એ સ્વાભાવિક છે.

તપસ્વીઓએ બિયારણાનો સંતોષ વ્યક્ત કર્યો.વળી, વર્ષીતપ સંકલન સમિતિના નિર્ણય મુજબ તપસ્વીઓનાં બિયાસણાં બાદ શ્રી શ્રેયાંસકુમાર પરિવારના તમામ સભ્યોની નવકારશી ત્યાં જ (અયોધ્યાનગરીમાં જ) કરાવાતી હતી. કેટલાકને અહીંથી સીધા જ નોકરી ધંધા પર જવાનું હોય તોય અનુકૂળ આવતું.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનો રસથાળ ★★★

-સંકલનમિત્ર

**શંખેશ્વરતીર્થ પોષદશમીના સામૂહિક અટ્ઠમઃ**

જ્ઞાનામૃતનું પાન કરાવતા, આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ પૂ.આ.ભ. **શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા.૨ તથા પૂ.પ્રવર્તિની સાધ્વીજી ભદ્રિકાશ્રીજી મ.પૂ.સા.હર્ષનંદિતાશ્રીજી મ.આદિ ઠા.૪ નાપાડના શાનદાર, યાદગાર, શાસનપ્રભાવક શતાબ્દી મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરી શંખેશ્વર તીર્થે પધાર્યા.

શંખેશ્વરતીર્થમાં જ અને પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં જ સમૂહ ઉપધાનતપની આરાધના કરાવનાર પૂ.માતુશ્રી મીનાક્ષીબેન હીરાલાલ દવાવાળા (અ.સૌ.ડિમ્પલબેન પરેશભાઈ, મૂળ ખંભાત - હાલ - મુંબઈ) પરિવારે ચાલુ વર્ષે પોષદશમીના અટ્ઠમ પૂજ્યશ્રીની નિશ્રામાં જ હાલારી ધર્મશાળામાં આયોજીત કરેલ.



પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો પાનવાથી વિહાર કરી માગસર વ.૮ તા.૨૩-૧૨-૨૦૨૪ સોમવારે શંખેશ્વર પધાર્યા. સવારે ૯.૦૦ કલાકે પેટ્રોલપંપથી સામૈયાનો પ્રારંભ થયો. વાજતે-ગાજતે હાલારી ધર્મશાળામાં મંગલ પ્રવેશ થયો. બહેનોનાં મંગલકુંભ-ગહુંલીઓ સાથે મંગલકારી વિધાનો થયાં. ગહુંલી માટે મુંબઈથી ખાસ એક બહેનને લાવવામાં આવ્યાં હતાં. તે જ રીતે પ્રભુજીની અંગરચના માટે પણ ખાસ ટીમ આવી હતી.

મંગલ પ્રવેશબાદ પ્રવચન હોલમાં પૂજ્ય ગુરુદેવનું પ્રાસંગિક પ્રવચન થયું. એમાં પૂજ્યશ્રીએ પોષદશમીનો મહિમા, અટ્ઠમ તપ, તપસ્વી - તપધર્મ, આવશ્યક ક્રિયા - વિધિ - સૂચનો વગેરેને વણી લીધેલ.પ્રવચન એકદમ સંક્ષિપ્ત પણ એટલું જ માર્મિક હતું.

(ક્રમશઃ) ધ

## પૂ.ગુરુદેવનો આગામી સંભવિત કાર્યક્રમ

પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્**વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨** તથા પૂ.પ્રવર્તિની **સાધ્વીજી ભદ્રિકાશ્રીજી મ,પૂ.સા.હર્ષનંદિતા શ્રીજી મ. આદિ ઠા.૪** સાબરમતીનો છ દિવસના (કુ.શ્રેયા અજયભાઈ ચંપકભાઈ સાકરિયાની દીક્ષા નિમિત્તક) મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરી. (એનો અહેવાલ હવે પછીના અંકમાં આવશે. ઈડર તરફ વિહાર કર્યો છે. લગભગ ૨૬ જાન્યુઆરીના રોજ **ઈડર-શ્રીનગર** પહોંચશે.ત્યાં **શ્રીઆદિનાથ જિનાલયની** ૨૫વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે તા.૧-૨-૩ ફેબ્રુઆરીના ત્રિદિવસીય મહોત્સવ; જિનાલયના નિર્માતા **શશિકાંતભાઈ ભગવાન દાસ ઝવેરી (દિપકભાઈ)** પરિવાર તરફથી થશે. ત્યારબાદ તા. ૭-૮-૯ ફેબ્રુઆરી ત્રિદિવસીય મહોત્સવ પૂ.સા.**શ્રી હર્ષનંદિતા શ્રી.મ.** ના **સંયમજીવનનાં ૫૦ વર્ષની પૂર્ણાહુતિ** નિમિત્તે, તેમના સંસારી પરિવાર તરફથી થશે. તે પછી તા.૧૨-૨-૨૦૨૫ ના રોજ **પૂ.સા.પદ્મનંદતાશ્રીજી** મ. ના સંસારી પરિવાર તરફથી એક દિવસીય જિનભક્તિ આદિનો કાર્યક્રમ થશે. ત્યારબાદ અમદાવાદ તરફ વિહારની સંભાવના છે.

અમદાવાદમાં અનેક સંઘો તથા સ્થાનોની વિનંતિ છે. પ્રોગામ નક્કી થશે જાણ કરાશે.

સંપર્કસૂત્રઃ ૯૪૨૯૦૨૨૦૨૨, ૮૩૩૯૦૯૯૯૯૯ હિતેશ

## ...મોતનો ભય બંનેને સરખો...

**अमेध्यमध्ये कीटस्य, सुरेन्द्रस्य सुरालये ।**

**समाना जीविताकांक्षा, समं मृत्युभयं द्वयोः ।।**

અશુચિમાં (વિષ્ટામાં) રહેલા
કૃમિ-કીડાને તથા દેવવિમાનમાં રહેલા
ઈન્દ્રને જીવવાની ઈચ્છા અને મૃત્યુનો
ભય(ડર) સરખાં જ હોય છે !